## ચાર્નવુડ બરો કાઉન્સિલ (Charnwood Borough Council)...

ચાર્નવુડ(Charnwood) એ ઘમાલિયા યુનિવર્સિટિ ટાઉન અને રમણીય કે આનંદદાયક ગામોનું કોઇ એક મિશ્રવાળુ આકર્ષણ છે.

153,000 થી વધારે વસ્તી ધરાવતો આ બરો ઈંગ્લેન્ડનુ એક સૌથી મોટુ ડિસ્ટ્રિકટ છે. નોટિંગ્હામ, (Nottingham), લેસ્ટર(Leicester) અને ડરબીથી (Derby) બનતા આ ત્રિકોણમાં (ટ્રાયેંગલ) તે મધ્યસ્થાને આવેલ છે.

ચાર્નવુડ બરો કાઉન્સિલ (Charnwood Borough Council) એ સ્થાનિક કાઉન્સિલ છે, અને અમે જવાબદાર છીએઃ

- કચરો ભેગો કરી અને તેનું રીસાઇકલીંગ (પુનઃચક્રણ) કરવા માટે
- રસ્તાઓની સફાઈ
- પર્યાવરણીય (એનવાઇરનમેન્ટલ) આરોગ્ય (ઉપદ્રવી જીવાતનુ નિયંત્રણ, રખડતા કૂતરાઓ, ખાદ્યપદાર્થની સુરક્ષિતતા, પર્યાવરણને લગતી સુરક્ષા, લાઇસન્સ આપવાનુ, આરોગ્ય અને સલામતી)
- સ્પોર્ટસ અને આરામ-વિશ્રામને લગતી સગવડતાઓ (લેઝર સેન્ટરસ, પાર્કસ, પ્લેગ્રાઉન્ડસ)
- આર્ટસ અને કલ્ચર (મ્યૂઝિઅમ, ટાઉનહોલ, ગ્રામીણ સફર- સહેલ)
- હાઉસીંગ
- ટાઉન અને કંટ્રિ પ્લાનીંગ (આયોજન) અને બિલ્ડિંગ કંટ્રોલ (નિયંત્રણ)
- નવા વેપાર- ધંધાઓને ટેકો - આધાર આપી અને નવા છૂટક (રિટેઇલ) વેચાણ માટે વિકાસ

જો કે રસ્તાઓ, સોશ્યલ સર્વિસીસ, સ્કૂલીંગ અને પોલિસને લગતી વસ્તુ- સ્થિતિની બધીજ વ્યવસ્થા લેસ્ટરશાયર કાઉન્ટિ કાઉન્સિલ કરે છે (અહીંયા એડવાઇસ શોપ નંબર)

### અમારી ઇન્ટરપ્રિટીંગ (અર્થઘટન) સેવાઓનો ઉપયોગ કરવા વિષે

ચાર્નવુડમાં (Charnwood) રહેતા અને નોકરી- રોજગાર કરતા દરેકેદરેક અમારી સેવાઓની સુગમતા-પ્રવેશ સાધે તેવી અમારી ઇચ્છા છે. અમે સ્વીકારીએ છીએ કે ઈંગ્લિશ ભાષા કઇ દરેકની માતૃભાષા ન હોઇ શકે અને તેથી તમારી જરૂરિયાતો સંતોષવા અમે શ્રેણીબધ્ધ ઇન્ટરપ્રિટીંગ અને ટ્રેન્સલેશન (તરજૂમાવાળી) સેવાઓ પૂરી પાડવાનો પ્રયત્ન કરીએ છીએ.

<u>ફોન ઉપર</u>

જો તમને કાઉન્સિલનો સંપર્ક સાધવાની ઇચ્છા થાય, અને ઈંગ્લિશ તમારી પ્રથમ ભાષા ન હોય તો અમે તમને ટેલિફોન ઉપર ઈન્ટરપ્રિટર પૂરા પાડીશું. કાઉન્સિલ 'લેંગ્વેજ લાઇન' ('Language Line') સેવાઓનો ઉપયોગ કરે છે કે જે તરતજ કે તે જ ક્ષણે (ઈનસ્ટન્ટ) ટેલિફોનવાળી ઇન્ટરપ્રિટેશન સેવા પૂરી પાડે છે.

સેવાનો ઉપયોગ કરવા 01509 634560 ઉપર ફોન કરો. એક વખત જયારે તમને કસ્ટમર સર્વિસ એડવાઇઝર સાથે જોડાણ કરવામાં આવશે, તેઓ તમને પૂછશે...

- ટેલિફોન નંબર
- તમારી પસંદગીની ભાષા
- તમારુ નામ
- અને જો શકય હશે તો તમારી પૂછપરછ કે તપાસના પ્રકાર વિષે જેમકે હાઉસીંગ, પ્લાનીંગ, બેનિફિટસ વગેરે.

ત્યારબાદ ઈન્ટરપ્રિટર તમને વળતો ટેલિફોન કરી અને પૂછપરછ કે તપાસ વિષે વધારે સંપૂર્ણરીતે તરજૂમો કરવાની શરૂઆત કરશે. કસ્ટમર સર્વિસ એડવાઇઝર (ગ્રાહક સેવાના સલાહકાર) શકય હશે તેવી સંપૂર્ણરીતે તમારી તપાસ પ્રત્યે ધ્યાન આપવાનો લક્ષ્ય રાખશે, આમ છતાં પણ, કોઇ સ્ટાફના યોગ્ય સભ્ય સાથે કોઇ એક જુદી અપોઇન્ટમેન્ટની વ્યવસ્થા કરી અને તપાસની ગૂંચવણભરી સ્થિતિ ઉપર આધારીત કોઇ મોઢા - મોઢ ઇન્ટરપ્રિટરની જરૂર પડી શકે.

<u>કાઉન્સિલની મુલાકાતે આવવા</u>

અમારી પાસે શ્રેણીબધ્ધ ઇન્ટરપ્રિટરસ મળી રહે છે કે જેઓ તે જ વખતે તરજૂમો કરી શકે. અમે જયારે તમારી ભાષામાં કોઇ ઇન્ટરપ્રિટર નહિ પૂરા પાડી શકીએ અથવા જો ઇન્ટરવ્યૂ ગૂંચવણભરેલ અને લાંબા સમયના પ્રકારનો હશે ત્યારે અમે બીજી એજન્સિઓમાંથી કોઇ ધંધાધારી ઇન્ટરપ્રિટરની સેવાઓ ખરીદી શકીએ. આની વ્યવસ્થા તમારી સાથેના અપોઇન્ટમેન્ટવાળા ઓફિસર કરી શકે. વિકલ્પમાં, કાઉન્સિલ પણ કસ્ટમર સર્વિસ સેન્ટરના સ્થળે લેંગ્વેજ લાઇનની સગવડતાની સુગમતા સાધી શકે, એટલેકે મેઇન રિસેપશનમાં, કે જયાં મુલાકાતે આવનારાઓને તેમની તપાસ કરવામાં મદદરૂપ બનવા માટે ઇન્ટરપ્રિટરની જરૂર રહેતી હોય.

<u>કાઉન્સિલના દસ્તાવેજોનો તરજૂમો - ભાષાંતર કરવા વિષે</u>

અમે બધાજ પ્રકાશનોના (પબ્લિકેશન્સ) તરજૂમા માટે લિખિત અને ઓડિઓ ટેઇપની ટ્રેન્સલેશન સગવડતા પૂરી પાડીએ છીએ. કાઉન્સિલનો દસ્તાવેજ કોઇ બીજી કે વૈકલ્પિક ભાષામાં મેળવવા કૃપા કરી 01509 634560 ઉપર ફોન કરો.

વધારે માહિતી માટે કૃપા કરી 01509 634560 ઉપર ફોન કરી અને તમારો ટેલિફોન નંબર અને જે ભાષામાં તમે વાતચીત કરવાની ઇચ્છા રાખતા હો તે, કસ્ટમર સર્વિસ એડવાઇઝર માટે તૈયાર રાખો.